# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી

## ગાંધીનગર

બાળ વિશ્વવિદ્યાલય

सत्यम् ऋतम् बृहत्

## નાણાસમિતિની મિટીંગ

તા. ૧૮/૦૧/૨૦૧૬ સમયઃ ૧૨:૦૦ કલાક

સ્થળઃ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર

## -કાર્યવાહી નોંધ-

(મિનિટ્સ)

| નાણાંસમિતિની મીટિંગ | તા. ૧૮/૦૧/૨૦૧૬ |
|---|---|

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની નાણાસમિતિની વર્ષ – ૨૦૧૬ની પ્રથમ બેઠક મા.કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને તા. ૧૮/૦૧/૨૦૧૬ને સોમવારના રોજ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર મુકામે બપોરે ૧૨:૦૦ કલાકે મળી હતી. જેમાં સભ્યશ્રીઓની ઉપસ્થિતી અને અનઉપસ્થિતી નીચે મુજબ હતી.:

| | | | |
|---|---|---|---|
| ૧. | મા. કુલપતિ શ્રી દિવ્યાંશુભાઈ દવે | અધ્યક્ષશ્રી | હાજર |
| ૨. | મા. શ્રીમતી કમલામની રાવ (રજિસ્ટ્રારશ્રી I/C) | સભ્યશ્રી | હાજર |
| 3. | મા. શ્રી મેહુલભાઈ વ્યાસ (નાણા અને હિસાબી અધિકારીશ્રી I/C) | સભ્યશ્રી | હાજર |
| ૪. | મા. શ્રી ડૉ. ધનશ્યામભાઈ રાવલ | સભ્યશ્રી | હાજર |
| ૫. | મા. શ્રી પ્રો. અરુણભાઈ દવે | સભ્યશ્રી | અનઉપસ્થિત |

- <u>આ સાથે નાણાસમિતિની બેઠકની કાર્યવાહી નોંધ (મિનિટ્સ) સામેલ છે.</u>

બેઠકના પ્રારંભમાં સૌનું સ્વાગત કરી બેઠકની કાર્યવાહી આરંભવામાં આવી.

નાણાસમિતિની મીટિંગ

તા. ૧૮/૦૧/૨૦૧૬

# નાણાસમિતિની કાર્યવાહી નોંધ

| | |
|---|---|
| બાબત ક્રમાંકઃ ૧ | CA ઓડિટ રિપોર્ટ વર્ષ : ૧૩-૧૪ અને વર્ષ : ૧૪-૧૫ને વંચાણે લેવા બાબત. |
| ઠરાવ ક્રમાંક- ૧ | ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના વર્ષ-૧૩-૧૪ અને વર્ષ-૧૪-૧૫ના CA ઓડીટ રીપોર્ટની નોંધ લીધી અને આગામી ECની બેઠકમાં મુકવા ભલામણ કરવામાં આવે છે. |
| બાબત ક્રમાંકઃ ૨ | આંતરિક ઓડિટર (CA)ની નિમણૂક ધ્યાને મૂકવા બાબત. |
| ઠરાવ ક્રમાંક- ૨ | ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા નિમાયેલા આંતરિક ઓડિટરની નિમણૂકની નોંધ લેવામાં આવી અને આગામી ECની બેઠકમાં મુકવા ભલામણ કરવામાં આવે છે. |
| બાબત ક્રમાંકઃ 3 | તપોવન સંશોધન પ્રકલ્પની નાણાકીય દરખાસ્ત નવી બાબત તરીકે ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી મારફત શિક્ષણ વિભાગને મોકલેલ તે ધ્યાને લેવા બાબત. |
| ઠરાવ ક્રમાંક- 3 | તપોવન સંશોધન કેન્દ્રની કચેરીએ બનાવેલી નવી બાબતની નોંધ લેવામાં આવી અને હ્વે પછીની ECની બેઠકમાં મુકવા ભલામણ કરવામાં આવે છે. |
| બાબત ક્રમાંકઃ ૪ | નાણાકીય વર્ષ : ૧૬-૧૭ના માટે બજેટરી પ્રોવીઝનની ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરીને મોકલેલ દરખાસ્ત વંચાણે મૂકવા બાબત. |
| ઠરાવ ક્રમાંક- ૪ | "કચેરી દ્વારા નાણાંકીય વર્ષ-૧૬-૧૭ માટે બનાવેલ બજેટના અંદાજોની નોંધ લઈ આગામી ECની બેઠકમાં મુકવા ભલામણ કરવામાં આવે છે. |
| બાબત ક્રમાંકઃ ૫ | ઈન્કમ ટેક્ષ વિભાગ દ્વારા 80 G માટે કરેલ કાર્યવાહી અને 80 G પ્રમાણપત્ર મળ્યાની બાબત ધ્યાને મૂકવા બાબત. |
| ઠરાવ ક્રમાંક- ૫ | કચેરીના અધિકારીશ્રીઓ કર્મચારીશ્રીઓએ આવકવેરા ખાતા પાસેથી કચેરી માટે ૮૦ Gનું પ્રમાણપત્ર મેળવેલ છે તે બદલ કચેરીના અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીએને અભિનંદન પાઠવી આગામી ECની બેઠકમાં અભિનંદન પાઠવવા મુકવા ભલામણ કરવામાં આવે છે. |

નાણાસમિતિની મીટિંગ

તા. ૧૮/૦૧/૨૦૧૬

બાબત ક્રમાંકઃ ૬ — વર્ષ ૨૦૧૧-૧૨ અને ૨૦૧૨-૧૩નો AG રીપોર્ટ વંચાણે મૂકવા બાબત.

ઠરાવ ક્રમાંક- ૬ — વર્ષ-૧૧-૧૨ અને વર્ષ-૧૨-૧૩ના AG કચેરી રાજકોટ દ્વારા થયેલા ઓડિટ રીપોર્ટની નોંધ લેવામાં આવી અને આગામી ECની બેઠકમાં રીપોર્ટ મુકવા ભલામણ કરવામાં આવી.

બાબત ક્રમાંકઃ ૭ — તા. ૧૯/૧૧/૨૦૧૫ના ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીના પત્ર ક્રમાંક : CHE/ISC-7/ચિલ્ડ્રન.યુનિ/૨૦૧૫/૧૩૫૪૦થી પાછલા વર્ષોની બચત ગ્રાન્ટ રૂ. ૧૫,૪૧,૫૭,૭૮૮/- વ્યાજ સહિત સરકારશ્રીમાં જમા કરાવવા બાબત.

ઠરાવ ક્રમાંક- ૭ — બચત ગ્રાન્ટ સરકારશ્રીમાં પરત કરવાની બાબતની નોંધ લીધી અને તે આગામી ECની બેઠકમાં મુકવા ભલામણ કરવામાં આવી.

બાબત ક્રમાંક : ૮ — હાલ યુનિવર્સિટી કચેરીમાં કાર્ય કરતા રોજમદાર/કરાર આધારિત કર્મચારીઓ (વર્ગ-૩, ૪)ના વેતન/રોજમાં વધારો કરવા બાબત.

ઠરાવ ક્રમાંક- ૮ — ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં ફરજ બજાવતા રોજમદાર/કરાર આધારીત કર્મચારીઓના કાર્યની તેમના વેતન/રોજની તેમજ કેવા કાર્યવાળી વ્યક્તિઓની જરૂરીયાત છે તે નક્કી કરવા નીચેની વ્યક્તિઓની સમિતિ બનાવવાનો ઠરાવ કરવામાં આવે છે તથા સમિતિ જે વેતન/રોજ સૂચવે તે ECની બેઠકમાં મંજૂરી અર્થે મુકવા ભલામણ કરે છે.

સમિતિના સભ્યશ્રીઓનું નામ

| | | | |
|---|---|---|---|
| ૧. શ્રી કમલામની રાવ્રૂ | રજીસ્ટ્રારશ્રી | - | અધ્યક્ષ |
| ૨. શ્રી મેહુલભાઈ વ્યાસ | FAO | - | સભ્યશ્રી |
| ૩. શ્રી ડૉ. મીનલબા જાડેજા | મદદનીશ અધ્યાપક | - | સભ્યશ્રી |
| ૪. શ્રી ડૉ. નિલેશભાઈ પંડયા | મદદનીશ અધ્યાપક | - | સભ્યશ્રી |

અંતમાં બેઠકમાં ઉપસ્થિત સૌનો આભાર માની બેઠકની કાર્યવાહી પૂર્ણ જાહેર કરવામાં આવી

તારીખ : ૧૮/૦૧/૨૦૧૬

સ્થળ :- ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી,
સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, સેકટર-૨૦,ગાંધીનગર

-Sd

કુલસચિવશ્રી (I/C)

Children's University